सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૪ ઓકટોબર - ૨૦૦૪ અંક ૨

## વાલીઓને.....

સૌ વાલીઓને ફરીથી એક વાર વિનંતી કે પોતાનું બાળક સાઈકલ ઉપર આવતું હોય તો જાહેર રસ્તા ઉપર સાઈકલ કેવી રીતે ચલાવવી, વળવાનું થાય તો કેવી રીતે નિશાની આપીને વળવું વગેરે ટ્રાફિકના જે નિયમો હોય તે અંગેની પૂરી સમજ ધીરજપૂર્વક બાળકને સમજાવવી.

શાળાના બાળકો જે રીતે જાહેર રસ્તા ઉપર જતા હોય છે તેમાં તેઓની પૂરી સમજદારી ન હોવાને કારણે અત્યંત જોખમી રીતે ચલાવતા આપણે સૌએ જોયા હશે. એકાદ અકસ્માત જીંદગીભરનું નુકશાન કરી બેસે તે કહેવાની આ સમજદાર વર્ગને ભાગ્યે જ જરૂર હોય.

ખાસ કરીને રસ્તા ઉપર જતી વખતે બાજુબાજુમાં બેધ્યાનપૂર્વક વાતો કરતા ૪-૫ બાજુબાજુમાં ચલાવતા સાઈકલ સવાર વિદ્યાર્થીઓ રસ્તા ઉપર જોવા મળે છે. આ શહેરમાં ટ્રાફિકની કોઈ વ્યવસ્થા હોય એવું અમુક સ્થળોએ દેખાતું જ નથી તેમજ વિવિધ પ્રકારના વાહનો કે જેમની ગતિ વધુ ઓછી હોય છે, જેમકે ઉંટગાડી , હાથલારી, શાકની લારીઓ ઉપરાંત રસ્તા ઉપર ગાયના ધાડા તેમજ ભારવહન કરતા ગધેડા એ સામાન્ય બાબત છે એટલે વાહન ચાલકે પોતે સંપૂર્ણ સભાનપણે પોતાનું વાહન ચલાવવું તે અત્યંત જરૂરી બાબત છે તે તરફ વાલીઓનું હું ખાસ ધ્યાન દોરું છું.

જાહેર રસ્તા ઉપર દરવાજામાંથી જોયા વિના બહાર આવતા વાહનચાલકો અત્યંત ગંભીર અકસ્માતના ભોગ બને છે અને બનાવે છે. વિદ્યાર્થીઓ સાઈકલ લઈને જાહેર રસ્તા ઉપર કોઈ પણ પ્રકારની વ્યવસ્થા જાળવ્યા વગર સાઈકલ સ્ટેન્ડ ઉપર મૂકીને આઈસ્ક્રીમ પાર્લર જેવા સ્થળોએ ટોળામાં ઉભા હોય છે. સાંકડા રસ્તાઓ ઉપર આ રીતે આડેધડ પાર્ક કરતા વાહનો રસ્તાને માટે તો અડચણરૂપ બને છે પણ આ પરિસ્થિતિ પોતાને માટે પણ જોખમી છે તેની સમજ વિદ્યાર્થીને હોય તેવું જણાતું નથી. આ બાબત શબ્દોમાં લખતા લખવા ખાતર લખ્યું હોય તેવું ન માનતા. તેમાં કડવાશ દેખાતી હોય તો પણ બાળકની સુરક્ષિતતા ખાતર તેનો અમલ કરવાની અત્યંત જરૂર છે. બે પૈડાના સ્વયંસંચાલક વાહનો માટે લાઈસન્સ વગેરેની જરૂરીયાત હોય છે તે જરૂરીયાત સાઈકલ ચલાવનાર માટે રાખી નથી. આવી કોઈ પણ સમજ વગરના અને અકસ્માતની પરિસ્થિતિનો અંદાજ જેમને આવી ન શકયો હોય તેવા નાના બાળકો પણ સાઈકલ ચલાવતા આ રીતે જાહેર રસ્તા ઉપર જતા હોય છે. આ બધું એક પ્રકારની શિસ્ત માંગી લે છે કારણકે પોતાની સુરક્ષિતતા ખાતર આવી શિસ્ત અત્યંત જરૂરી છે.

ઇન્દુભાઈ દવે
ના વંદન

## સંસ્થાનું ગૌરવ

શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસા આજે ૯૦ વર્ષની ઉમરે આદીવાસી વિસ્તારમાં કન્યાઓને શિક્ષણ આપવાનું અનુકરણીય સામાજીક કામ કરી રહ્યા છે. તેઓ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની છે અને તેમની સામાજીક પ્રવૃત્તિ બદલ તેમને પદ્મભૂષણ એવોર્ડ મળ્યો છે. આ બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે. (ગયા શારદમાં આ હકીકતનો ઉલ્લેખ કરતાં પદ્મભૂષણને બદલે શરતચૂકથી પદ્મશ્રી જણાવ્યું હતું તેની નોંધ લેવા વિનંતી. )

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની દેવાંગી મુન્શી MBBS-1 માં પ્રથમ સ્થાને આવ્યા છે. તેમને હાર્દિક અભિનંદન.

### સ્મૃતિચિત્રો

આજથી પચાસ વર્ષ પહેલાં નવરાત્રિમાં સ્ટેજ ઉપર જુદા જુદા સ્થળોએ અને જુદા જુદા જૂથ દ્વારા ગરબા સ્પર્ધાના સુંદર કાર્યક્રમોનું આયોજન થતું.

તેની શરૂઆત કદાચ નાના પાયે મહિલા સમાજે કરી. ગરબાની પ્રવૃત્તિને આથી ઠીક વેગ મળ્યો. મુખ્યત્વે કાંકરીયા પર તે કાર્યક્રમ ખૂબ જ રોચક રીતે વિવિધ જૂથ અને શાળાઓ રજૂ કરતી.

આપણી શાળાનાં આંતરગૃહ સ્પર્ધાઓ જુદા જુદા ગૃહ વચ્ચે થતી અને તેમાં ગરબા કાર્યક્રમનું સ્તર એટલું ઉંચું રહેતું કે જાહેર સભાગૃહના સ્ટેજ પર તે કાર્યક્રમ ટીકીટોના વેચાણથી પણ થતો.

તે સ્પર્ધાના ગરબામાં વૈવિધ્ય પણ પુષ્કળ રહેતું. પ્રાચીન તેમજ અર્વાચીન ગરબાઓ સાથે સાથે ગ્રામિણ સંસ્કૃતિનો જીવંત ધબકાર તેમાં પ્રતિબિંબિત થતો. મંજીરા, દાંડીયા, દીવા, ઘડા વડે ગરબા લેવાતાં અને આવકારદાયક પ્રયોગો પણ તેમાં થતાં પરંતુ ભારતીય સંસ્કૃતિ તેમાં કેન્દ્ર સ્થાને હતી.

આપણી સંસ્થાએ તો ગરબાની પ્રવૃત્તિમાં આગવું સ્થાન હાંસલ કર્યું હતું. તેના પાયામાં સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ જેમાં મુખ્યત્વે સિધ્ધિદાબેન, હર્ષિદાબેન અને મીનળબેન ( શ્રી હરભાઈ ભટ્ટની પુત્રીઓ ) એ ત્રણ બહેનોની ત્રિપુટી હતી. સુધાબેન દીવેટીયાનું માર્ગદર્શન અને પ્રોત્સાહન મળતા તેમજ ઘણા વાલીઓનો સહકાર મળતો.

ગરબો સ્પર્ધામાં પ્રથમ આવે એટલે ગરબાની બહેનોની ફરમાયશ કેમ્પના હનુમાન જવાની અને આઈસ્ક્રીમની હોય જ. રાત્રે બાર વાગે ગરબાનો કાર્યક્રમ પૂરો થયા બાદ પણ આ બધામાં ઠીક ઠીક સમય જતો. રાતે બે ત્રણ વાગે ગરબાની બહેનોને શાળાની બસમાં ઘેર ઘેર મૂકવા જતા અને આ માટે સ્ટાફે કયારેય આનાકાની નથી કરી. ડ્રાઈવર જગન્નાથ અને બુદ્ધઈ તો ત્રણ વાગે ઘેર પહોંચે અને બીજે દિવસે શનિવાર હોય તો પણ બાળકોને લેવા સવારે છ વાગે સમયસર બસ લઈને નીકળી જ જાય.

પોતાની નિયમિત ફરજમાં આ બધા કાર્યક્રમોને કારણે વિક્ષેપ કયારેય નથી પડયો. સંગીત શિક્ષક રમણભાઈ દવે પણ સાથે જ હોય અને છેલ્લા ઘરે પહોંચે.પાંચ સાત શિક્ષકોનું જૂથ પણ સાથે જ હોય. આવા કર્મઠ કાર્યકરોથી શારદામંદિરે એક આગવું સ્થાન મેળવ્યું.

## 'શિક્ષણ જ્ઞાન માટે કે પરીક્ષાનાં માર્કસ્ માટે !'

'બેન ! મને ગયા વર્ષના પાંચમા ધોરણના પેપર્સ જોઈએ છે કઢાવી આપશો?' 'ગયા વર્ષના ? શાને માટે ?'

'પરીક્ષામાં કેવા પ્રશ્નો પૂછાશે, પ્રશ્નપત્રની સ્કીમ એ બધાં માટે જોઈએ છે'

'ભાઈ ! તમારા દીકરાને યુનિવર્સીટી કે બોર્ડની પરીક્ષા આપવાની છે ? વર્ગમાં જે ભણાવ્યું હોય એ બધું જ બરાબર કરાવી લેવાનું, એને માટે આ બધાંની શી જરૂર છે ? તમે પરીક્ષાનાં માર્કસ્ માટે ભણાવો છો કે જ્ઞાન માટે?' 'પણ બેન... માર્કસ પછી ઓછા આવે તો ! ... '

પરીક્ષાનાં માર્કસ એ જ શું બાળકની આવડત અને બુધ્ધિ માપવાની પારાશીશી છે ? આમ પરીક્ષા પરીક્ષા કરીને એનો એક હાઉ બાળકનાં મગજમાં અત્યારથી શા માટે ઉભો કરો છો ? બાળક જ્યાં સુધી ભણશે ત્યાં સુધી તેને વારંવાર પરીક્ષાઓ તો આપવી જ પડશે. અત્યારથી જ તેને પરીક્ષાની આવી બીક મગજમાં ઉભી કરી દેશો તો એ આગળ ભણી કેવી રીતે શકશે ? વારંવાર જે પરિસ્થિતિનો સામનો કરવાનો હોય તેને માટે આવો ડર ઉભો કરીએ તે ચાલે ? હમણાં હમણાં કેટલાક વાલીઓ શાળા છૂટતાં જ શિક્ષકોની આસપાસવીંટળાઈ વળે છે, 'બેન કેવા પ્રશ્નો પૂછાશે ? કેવી રીતે પૂછાશે ? કેટલા પ્રશ્નો પૂછાશે ?' અનેક પ્રશ્નોની હારમાળા સાથે શિક્ષકને ઘેરી વળે છે અને ત્યારે મને થાય છે કે આનાં કરતાં પરીક્ષા જ ન લીધી હોય તો ! આપણે બાળકને જ્ઞાન માટે ભણાવીએ છીએ કે પરીક્ષાનાં માર્કસ્ માટે ! બોર્ડની કે યુનિવર્સીટીની પરીક્ષામાં માર્કસ્નું મહત્વ જરૂર હોય કારણકે કારકિર્દી પસંદ કરવાની હોય, નવી લાઈનમાં એડમિશન લેવાનું હોય અને એટલે ટકાવારી મહત્વની બની જાય પણ આ તો હજી બાળક સાવ નાનું હોય ત્યારથી માબાપની આ મારધમાલ શરૂ થઈ જાય છે. જાગૃતિ સારી પણ એ અધીરાઈની બાળક પર બહુ વિપરીત અસર થાય છે, કોઈકને માથાનો દુઃખાવો થાય છે તો કોઈને પેટમાં દુઃખે છે, ઉલ્ટીઓ થાય છે કયાં તો ધ્રુજારી થાય છે, પરીક્ષાની બીક બાળકોમાં આપણે માબાપ ઉભી કરીને એમને આપણે Psychosometic મુશ્કેલીઓનો ભોગ બનાવીએ છીએ.... આપણા બાળકો આ કયાં સુધી ખમી શકશે !

રોજેરોજ વર્ગમાં જે ભણાવાતું હોય તે જો બરાબર ભણી લેવાતું હોય તો આ ગભરાટ જ ન થાય ને ! પણ આજે તો એવું છે જ કયાં ? વચ્ચે વિચાર આવ્યો કે ધોરણ ૧લા અને બીજામાં પરીક્ષા ન લેવી તો વાલીઓની માંગણી આવી 'બેન ! પરીક્ષા નથી લેતા તો અમારા છોકરાં ભણવાનું નામ જ નથી લેતાં.. પરીક્ષા ન લો તો અમને શું ખબર પડે કે અમારા બાળકને કેટલું આવડે છે ?' અરે ! આપણું બાળક રોજ સ્કુલેથી આવે પછી ગમે ત્યારે એની સાથે એકાદ કલાક બેસીએ તો પણ આપણને ખબર પડે જ કે કેટલું ક ફાવે છે !.. બાળકનાં અભ્યાસમાં આપણે જીવંત રીતે રસ લેવો જોઈએ. અને તો જ બાળકને ભણવાનો ઉત્સાહ થશે. આ તો પરીક્ષાનો કાર્યક્રમ આવે ત્યારથી જ આપણા મગજમાં ટેન્શન શરૂ થઈ જાય અને એ ટેન્શનથી બાળકને માત્ર પરીક્ષાને જ ધ્યાનમાં રાખી ભણાવવાની નહીં પણ ગોખાવવાની ધમાલ શરૂ કરી દઈએ, અરે! લેસન ન આપીએ તો પણ માબાપ ફરીયાદ કરે કે લેસન ન હોય તો છોકરાઓ ઘરે આવીને ચોપડી જ નથી ખોલતા ! શું ફરજીયાત ન બને તો છોકરાં ભણે જ નહીં ?આ કેવું ? ભણવામાં એને રસ કેમ ન પડે ? ટી.વી.ને કારણે છોકરાનો પુસ્તક સાથેનો નાતો તો જાણે સાવ જ તૂટી ગયો છે... એની જીજ્ઞાસાવૃત્તિ ય મૂરઝાઈ ગઈ છે અને આપણી માબાપોની ઉદાસીનતા અને પરીક્ષાનાં માર્કસ્ પાછળની આંધળી ઘેલછાએ આ પરિસ્થિતિ ઉભી કરી છે. બહુ વિચારવા જેવો પ્રશ્ન છે.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા.૯-૮-૦૪ને સોમવારે બાલમંદિરનાં બધાં જ વિભાગનાં બાળકોને કઠપૂતળીનો ખેલ બતાવ્યો. બાળકોને તેમાં ખૂબ મજા પડી.

તા.૨૧-૮-૦૪નાં રોજ સંસ્થાનો સ્થાપનાદિન ઉત્સાહભેર ઉજવાયો. મુખ્ય અતિથિ તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નૃત્યકલાવિદ શ્રી ચંદનભાઈ ઠાકોર પધાર્યા અને તેમણે બાલપૂજન કરી આશીર્વાદ પાઠવ્યા.બાલરથ,ગરબા અને કૂચ રજૂ થયા.

તા.૨૭-૮-૦૪ના રોજ બાલવાડીના બાળકોને 'ડોશીની દીકરી' નાટકનો પપેટ શો બતાવવામાં આવ્યો.

તા.૨૮-૮-૦૪ને શનીવારે બાલમંદિર બ વિભાગનાં બાળકોએ 'મીની ઝૂ' ની મુલાકાત લીધી. બાળકોને પ્રાણીઓ જોવા ખૂબ ગમે છે.

તા.૪-૯-૦૪ને શનીવારે તાલીમના બાળકોએ જન્માષ્ટમીનો ઉત્સવ ખૂબ સરસ રીતે ઉજવ્યો. કૃષ્ણજન્મનાં પ્રસંગો બાળકોએ ભાવવાહી રીતે સંગીત નૃત્ય , તાલ અને અભિનય સાથે રજૂ કર્યા. બેન આનલ વસાવડાના મધુર કંઠે ગવાયેલા કૃષ્ણભક્તિનાં બધાં જ ગીતો એટલા ભાવવાહી હતાં કે સૌ કોઈ ભક્તિરસમાં તરબોળ બની ગયાં.આંખોમાં ભક્તિની મીઠાશ ભરીને ભાવભર્યા હૃદયે અનેક વાલીઓએ સમગ્ર કાર્યક્રમને માણ્યો.

તા.૨૬-૯-૦૪ને ગણેશચતુર્થી નિમિત્તે બાળકોએ શ્રી ગણેશની વાત સાંભળી તેમની ધૂન બોલાવી તેવી જ રીતે શ્રી મહાવીર જન્મવાંચન નિમિત્તે મહાવીર સ્વામીનાં સ્તવનોનો કાર્યક્રમ યોજાયો. બાળકોએ મહાવીર ભગવાનની પણ સરસ ધૂન મચાવી.

તાલીમના બાળકોને લોહચુંબક લોખંડની વસ્તુને આકર્ષે છે તે અને હલકી વસ્તુ પાણી પર તરે છે ને ભારે વસ્તુ પાણીમાં ડૂબી જાય છે તે પ્રત્યક્ષ બતાવ્યું.

ગાંધી જયંતિ નિમિત્તે તા.૧-૧૦-૦૪ને શુક્રવારે બાળકોને પૂ.ગાંધીજીના જીવનનાં પ્રેરક પ્રસંગોની વાતો કહી.

તા.૧૧-૧૦-૦૪નાં રોજ બાલવાડીમાં બાળકોએ મૂળ રંગની ઓળખ સાથે ધજાની રમતનો આનંદ માણ્યો.

### શિશુમંદિર

**સ્થાપનાદિન :**

તા.૨૨-૮-૦૪ના રોજ શાળાનો ૮૧મો સ્થાપનાદિન ઉજવવામાં આવ્યો. બેન આનલ વસાવડાના અને વૃંદના ભાવસભર મધુર કંઠથી મા સરસ્વતીની પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. બાલકૂચ, બાલપૂજન અને ગરબો, ખૂબ સરસ રજૂઆત થઈ. મુખ્ય અતિથિ તરીકે શાળાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થિની અને હાલ વાલી ડૉ.શ્રી માધવીબેન રાયબાગકર પધાર્યાં હતા. તેમણે બાળકોને શુભેચ્છાસહ આશીર્વાદ પાઠવ્યાં અને બાલપૂજન કર્યું. આખોય કાર્યક્રમ ખૂબ સુંદર રહ્યો.

તા.૧૫-૯-૦૪નાં રોજ મહાવીર જન્મ વાંચન દિન નિમિત્તે ધોરણ ૧ થી ૭નાં વિદ્યાર્થીઓ માટે શ્રી સુરેન્દ્રભાઈ શાહે ધૂન તથા સ્તવનોનો કાર્યક્રમ રજૂ કર્યો. વિદ્યાર્થીઓએ ખૂબ ભાવપૂર્વક ભક્તિગાન કર્યું.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**મહેંદી સ્પર્ધા :** તા.૨૪-૭-૦૪

| | | |
|---|---|---|
| પ્રથમ | સપના પવાર | મેઘનાદ |
| દ્વિતીય | રિધ્ધિ મહેતા | રત્નદીપ |
| | નિરાલી શાહ | ધવલગિરિ |

| | | | |
|---|---|---|---|
| | તૃતીય | હેલી વસાણી | રત્નદીપ |
| | | સંજના દોશી | રત્નદીપ |
| | | શ્રધ્ધા શાહ | ધવલગિરિ |
| | | નિર્મિ ત્રિવેદી | મેઘનાદ |
| **પારણા સ્પર્ધા :** | તા.૧૦-૯-૦૪ | | |
| | પ્રથમ | શીખા શાહ | ગંગોત્રી |
| | દ્વિતીય | રાહીલ જાની | રત્નદીપ |
| | તૃતીય | નિધિ દવે | રત્નદીપ |
| | | પરીશા દલાલ | મેઘનાદ |
| **પંચાજીરી સ્પર્ધા :** | ( ડેકોરેશન ) | | |
| | પ્રથમ | પલક મકવાણા | રત્નદીપ |
| | દ્વિતીય | નિસર્ગ શાહ | ધવલગિરિ |
| **નંદાવ્રત સાથિયા સ્પર્ધા :** | તા.૨૧-૯-૦૪ | | |
| | પ્રથમ | મિનોલી શાહ | રત્નદીપ |
| | દ્વિતીય | મૈત્રી દલાલ | ગંગોત્રી |
| | તૃતીય | મનન સુતરીયા | રત્નદીપ |
| **ગણપતિ સ્પર્ધા :** | તા.૨૧-૯-૦૪ | | |
| | પ્રથમ | ધ્વનિ ઠાકોર | રત્નદીપ |
| | દ્વિતીય | રાહિલ જાની | રત્નદીપ |
| | | વિધિ ત્રિવેદી | ગંગોત્રી |
| | તૃતીય | ઋતુ શાહ | ધવલગિરિ |

## વિનયમંદિર

તા.૨૦-૮-૦૪નાં રોજ રાજીવ ગાંધી અક્ષય ઉર્જા દિવસની ઉજવણી નિમિત્તે ડૉ.રાજેન્દ્ર શાહ શાળા વિકાસ સંકુલ - ૨ ના ઉપક્રમે શારદામંદિર વિનયમંદિરમાં કાર્યક્રમ યોજાયો. જેમાં વિદ્યાર્થીઓની ક્વીઝ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, દોડ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વિજ્ઞાનના પ્રોજેક્ટની સ્પર્ધાઓ યોજાઈ. દોડ સ્પર્ધામાં શાહ જાનકી પરાગભાઈ પ્રથમ આવી હતી. ઊર્જા મોડેલમાં આત્મન ફોજદારે પ્રથમ સ્થાન મેળવ્યું હતું તેની સાથે અકુલ મોદી અને હર્ષિલ પટેલ હતા.

તા.૨૧-૯-૦૪નાં રોજ ડૉ.રાજેન્દ્ર શાહ શાળા વિકાસ સંકુલ S.V.S.2 નાં ઉપક્રમે વી.આર.શાહ સ્કુલમાં વિજ્ઞાનમેળો યોજાયો હતો જેમાં આપણી શાળામાંથી ૬ કૃતિઓ રજૂ કરવામાં આવી. કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન ડૉ. એચ.એન.હિંગુએ કર્યું અને જીલ્લા શિક્ષણાધિકારીશ્રી એચ.એન.ચાવડા મુખ્ય અતિથિપદે હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું સમાપણ કરવા માનનીય ડૉ.પી.સી.વૈદ્ય હાજર રહ્યા હતાં. સંયોજક તરીકે આખાય કાર્યક્રમની જવાબદારી આપણી શાળાના આચાર્ય શ્રી દિનેશભાઈ ઓઝાએ સફળતાપૂર્વક સંભાળી.

તા.૨૨-૭-૦૪નાં રોજ ધો.૮ માટે અંગ્રેજીમાં Quiz યોજાઈ જેમાં ૮ અ પ્રથમ (૧૨૫) ૮ ક દ્વિતીય (૯૦) તથા ૮ બ (૬૦) ગુણ મેળવીને આવ્યું

તા.૧૨-૮-૦૪નાં રોજ ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ નિમિત્તે પ્રાર્થનાસભામાં માહિતીસભર વકતવ્યો શિક્ષકો તથા વિદ્યાર્થીઓ તરફથી રજૂ થયા.

તા.૨૮-૮-૦૪ને શનીવારનાં રોજ કવિશ્રી મેઘાણીનાં કાવ્યગાનનો કાર્યક્રમ સરસ રીતે યોજાયો. કાવ્યો સ્વરબધ્ધ અને ભાવવાહી રીતે ગવાયાં.

તા.૨૬-૯-૦૪નાં રોજ વર્લ્ડ હાર્ટ ડે નિમિત્તે શાળામાં તા.૨૫-૯-૦૪ને શનીવારના રોજ વિદ્યાર્થી ભાઈબહેનો માટે હૃદયરોગ નિવારણ માટે જનજાગૃતિ અભિયાનનાં ઉપક્રમે હેપી હાર્ટ સપોર્ટ ગ્રુપ અને એલીસબ્રીજ આરોગ્ય સમિતિના ઉપક્રમે માહિતીસભર સી.ડી. બતાવવામાં આવી.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | | | |
|---|---|---|---|
| **મહેંદી સ્પર્ધા** | તા.૨૪-૭-૦૪ | | |
| | પ્રથમ | જૈની પરીખ | ગીતગોવિંદ |
| | દ્વિતીય | જાનકી ગોરજી | મેઘદૂત |
| | | વાચા શાહ | ચંદ્રમૌલિ |
| | તૃતીય | શિમોની શાહ | મેઘદૂત |
| | | પૂજા પરીખ | ચંદ્રમૌલિ |
| **નિબંધ સ્પર્ધા** | તા.૫-૮-૦૪ | | |
| **ગુજરાતી** | પ્રથમ | કોમલ તલાટી | પદ્મપુકુર |
| | દ્વિતીય | દેવસ્ય જાની | મેઘદૂત |
| | | શુભમ્ બક્ષી | ગીતગોવિંદ |
| | તૃતીય | જૈની પરીખ | ગીતગોવિંદ |
| **નિબંધ સ્પર્ધા** | | | |
| **હિંદી** | પ્રથમ | ક્રિનાલી શાહ | પદ્મપુકુર |
| | દ્વિતીય | નિધિ ઠક્કર | મેઘદૂત |
| | | સહજ પરીખ | ગીતગોવિંદ |
| | તૃતીય | સ્વરીલ પરીખ | પદ્મપુકુર |
| | | શીલ શાહ | ચંદ્રમૌલિ |
| | | શુભમ્ બક્ષી | ગીતગોવિંદ |
| **નિબંધ સ્પર્ધા** | | | |
| **અંગ્રેજી** | પ્રથમ | ધ્રુવ દેસાઈ | ગીતગોવિંદ |
| | દ્વિતીય | અભિજ્ઞ શાહ | ચંદ્રમૌલિ |
| | | કોમલ તલાટી | પદ્મપુકુર |
| | તૃતીય | જાનકી શાહ | ચંદ્રમૌલિ |
| **વકતૃત્વ સ્પર્ધા** | તા.૩૧-૮-૦૪ | | |
| | પ્રથમ | ભાગ્યશ્રી દેસાઈ | ગીતગોવિંદ |
| | દ્વિતીય | રિચા પાઘડાર | મેઘદૂત |
| | તૃતીય | શાશ્વત મહેતા | ચંદ્રમૌલિ |
| | | સંવિત શાહ | પદ્મપુકુર |

**નિર્ણાયક તરીકે શ્રી સુધાબેન ભટ્ટે સેવા આપી.**

| | | | |
|---|---|---|---|
| **પારણા સ્પર્ધા** | પ્રથમ | સહજ પરીખ | ગીતગોવિંદ |
| | દ્વિતીય | વાચા શાહ | ચંદ્રમૌલિ |
| | | પૂર્વા ભટ્ટ | ગીતગોવિંદ |
| | તૃતીય | ચેત્સી પટેલ | ચંદ્રમૌલિ |
| | | પૃથ્વી પટેલ | પદ્મપુકુર |
| **પંચાજીરી સ્પર્ધા** | (ડેકોરેશન ) | | |
| | પ્રથમ | ભૂમિ શાહ | મેઘદૂત |
| | દ્વિતીય | ઉત્સવ શાહ | ગીતગોવિંદ |
| | | અભિજ્ઞ શાહ | ચંદ્રમૌલિ |
| | તૃતીય | વિધિ શાહ | ચંદ્રમૌલિ |
| **સ્વાદ** | પ્રથમ | અભિજ્ઞ શાહ | ચંદ્રમૌલિ |
| | દ્વિતીય | ભૂમિ શાહ | મેઘદૂત |
| | તૃતીય | શિવાની ડાભી | મેઘદૂત |

## અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચેસ** | |
| ઓરીએન્ટ કલબ | સંવિત શાહ | પ્રથમ |
| મુન્શા ટ્રોફી ચેસ | સ્વપ્નિલ શાહ | પ્રથમ |
| ચેમ્પીયનશીપ | આનંદ ત્રિવેદી | પ્રથમ |
| ૧૬-૮-૦૪ | આત્મન ફોજદાર | પ્રથમ |
| | | શાળાને ટ્રોફી |
| ગુજરાત સ્ટેટ ચેસ એસો. | ધ્રુવિન ભટ્ટ | ચતુર્થ |
| એસોસીએશન | | |
| અમદાવાદ સીટી ચેસ | સ્વપ્નિલ શાહ | દ્વિતીય |
| એસોસીએશન | સંવિત શાહ | દ્વિતીય |
| ૧-૮-૦૪ | રાજ લવિંગીયા | દ્વિતીય |
| | વરૂણ રાવળ | દ્વિતીય |
| | | શાળાને ટ્રોફી |
| ઓરીએન્ટ કલબ | વરૂણ રાવળ | તૃતીય |
| ૧૯-૯-૦૪ | શૈલ રાવળ | તૃતીય |
| | **કરાટે** | |
| યોગ માર્શલ આર્ટસ્ એન્ડ | કરન શાહ | ગ્રીન II બેલ્ટ |
| એકેડમી ઓફ ઈન્ડીયા | | |
| | **વકતૃત્વ** | |
| બાલાભાઈ દામોદરદાસ | ચિનાર શાહ | પ્રથમ |
| આર્ટસ્ કોલેજ આયોજીત | આનલ વસાવડા | દ્વિતીય |
| આચાર્ય એસ.આર.ભટ્ટ | | શાળાને ટ્રોફી |
| વિજયપદ્મ વકતૃત્વ સ્પર્ધા | | |
| | **સંગીત** | |
| વેકેશન ૨૦૦૪ વીઝન | વૃષાંકી દોશી | દ્વિતીય |
| ચાર્ટડ એકાઉન્ટન્ટસ્ | વિરતી શાહ | પ્રથમ |
| એસોસીએશન અમદાવાદ | | |
| અખિલ હિંદ મહિલા પરિષદ | આનલ વસાવડા | પ્રથમ |
| સુગમ સંગીત સ્પર્ધા | દર્શિલ વ્હોરા | તૃતીય |
| | **ચિત્ર** | |
| આઈ.સી.આઈ.સી.આઈ | ઋત્વી શાહ | પ્રથમ |
| પ્રુડન્શીયલ સ્માર્ટ કીડ ડ્રોઈંગ | | |
| કોમ્પીટીશન | | |

ક્રિકેટ : વીમેન્સ ક્રિકેટ એસોસીએશન ઓફ ઈન્ડીયાના ઉપક્રમે તા.૧૯ થી ૨૩ જુલાઈ સુધી દિલ્હીના ઈન્દીરા સ્ટેડીયમ અને કમલા સ્ટેડીયમ ખાતે રાષ્ટ્રીય કક્ષાએ રમાયેલ મહિલા ક્રિકેટ નેશનલ ચેમ્પીયનશીપમાં કીશ્રા પટેલે રમીને ખૂબ સારો દેખાવ કર્યો.

* આ સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન વૈશાલી પટેલ વસંતકુંજ બસસ્ટેન્ડ પાસે આંખો માટેનું દવાખાનું ચલાવે છે. શારદામંદિરનાં વાલીઓને તેમનાં કેમ્પ માટે અગાઉ જાણ કરી હતી અને ઘણા વાલીઓએ તેનો લાભ લીધો છે. તેઓ જણાવે છે કે હવે તેઓ શારદામંદિર પરિવારનાં વાલીઓ, વિદ્યાર્થીઓ સૌ માટે કેમ્પની સેવા દર શનિવારે બપોરે ૨ થી ૫ આપશે.

* માહિતી અને સંસ્કાર ફેલાવતું પૂરા પરિવાર માટેનું માસિક "કુમાર"ના અંક ૧ થી ડીસેમ્બર ૨૦૦૪ સુધીના બધા અંકોની સીડી રૂ.૧૫૦૦ માં પ્રાપ્ત થશે. ૩૧ ડીસેમ્બર સુધીમાં આગોતરા ગ્રાહકને તે રૂ.૧૦૦૦માં તેમજ એક વર્ષના લવાજમ પ્રમાણે તે મળશે.

## જન્માષ્ટમી

'હા રે ગોકુળમાં આજ દિવાળી, પ્રગટ થયાં વનમાળી રે ..'

જન્માષ્ટમીનો આ ઉત્સવ બાલમંદિરમાં ઉત્સાહભેર ઉજવાયો. આટલા નાનાં બાળકોને નૃત્ય સંગીત અને અભિનયની ત્રેવડી તાલીમ એકસાથે આપવી એ સહેલી વાત નથી. આટલા નાના બાળકો આટલા સંવાદ મોઢે કરે અને પોતાનું પાત્ર ભજવવાનું આવે ત્યારે એ પાત્રની સૃષ્ટિમાં જ ખોવાઈ જાય એ કંઈ નાની સૂની સિધ્ધિ નથી. કંસે પણ તેનું પાત્ર ખૂબ છટાથી ભજવ્યું, અને તેના સિપાઈઓએ પણ નાની ભૂમિકા છતાં કેવી નિષ્ઠાપૂર્વક તેને ન્યાય આપ્યો ! આટલા નાના બાળકની, પોતે ભજવવાની ભૂમિકા સાથેની આ તન્મયતા એ પ્રશંસાને પાત્ર છે. દીપ પ્રગટાવી કૃષ્ણ જન્મના ઉત્સવને દીપાવવામાં આવ્યો. આખું ય વાતાવરણ જન્મોત્સવનાં અનેરા આનંદથી હર્યુંભર્યું બની ગયું. આરતી ઉતારતી એ નાનકડી બાળા એનાં હૃદયનાં એ ભાવ એના મુખ પર સ્પષ્ટપણે વરતાતા હતાં. બાળકોના વિકાસમાં આપણી સંસ્કૃતિના ભવ્ય વારસાનાં આ સંસ્કારોનું મૂલ્ય ઘણું જ મોટું છે અને તે શક્ય બને છે આવા સાંસ્કૃતિક કાર્યક્રમો વડે. બાળકનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસમાં કયારેક ભણતર કરતાંય આવા કાર્યક્રમોથી થતું ઘડતર જ વધુ મહત્વનું બની રહે છે.

'હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી' સૌ બાળકો આનંદથી ઝૂમી ઉઠયાં.જશોદાનું પાત્ર ખૂબ સરસ રીતે ભજવાયું. આટલા નાના બાળકનો એ આત્મવિશ્વાસ અને પાત્ર સાથેની તન્મયતા ધન્યવાદને પાત્ર હતી. વૃંદાવનમાં વહાલો મારો વાંસળી વગાડે રે... અને છેલ્લે રાસ... આખોય જન્માષ્ટમીનો આ ઉત્સવ બાળકોનાં હૃદયનો આનંદ અને કૃષ્ણભક્તિથી ભર્યાભર્યા તો બન્યાં હતાં પણ આ જીવતાં જાગતાં દેવોને આમ મહાલતાં જોઈ સૌ કોઈનાં મન પણ ઝૂમી ઉઠયાં.

બેન આનલ વસાવડા અને વૃંદના મધુર કંઠે ગવાયેલા બધાં જ ગીતો ખૂબ સુમધુર અને ભાવવાહી હતાં.

## નવરાત્રિ મહોત્સવ

તા.૧૬-૧૦-૦૪ને શનીવારે બાલમંદિરમાં નવરાત્રિ મહોત્સવ ખૂબ આનંદભેર ઉજવાઈ ગયો. ગરબો એ ગુજરાતની વિશિષ્ટતા છે મુ.શ્રીદિનુભાઈના ઉદ્‌બોધન બાદ બ્હેન આનલ વસાવડાનાં કંઠે ગવાયેલ પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. માતાજીનાં વિવિધ સ્વરૂપોને પ્રતિકાત્મક રીતે રજૂ કરીને મા શક્તિની ભક્તિનું આખું ય પર્વ ઉજવાયુ. સુંદર ચણીયાચોળી અને ઓઢણીમાં સજ્જ થયેલ નાનકડી બાળાઓએ હલકમય ગરબાની રમઝટ બોલાવી અને વાલીઓને પણ એમાં એકાકાર કરી દીધાં.

## શ્રધ્ધાંજલિ

શ્રીમતી વીરબાળાબેન મહેતાએ ખૂબ લાંબા વર્ષો સુધી મુખ્ય શિક્ષિકા તરીકે પોતાની ખૂબ ઉપયોગી સેવા સંસ્થાને આપી હતી.તાજેતરમાં ૯૦ વર્ષની ઉંમરે તેઓનું દુઃખદ અવસાન થયું છે. સંસ્થા તેમના અવસાનની દુઃખ સાથે નોંધ લે છે અને પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

## વિવિધ કાર્યક્રમોની કેસેટ મેળવવા અંગે

શાળામાં રજુ થયેલા જુદા જુદા કાર્યક્રમોની વીડીયો કેસેટ અને વીડીયો સીડી તેમજ બાળગીતો તથા અભિનય ગીતોની કેસેટ વગેરે હવે નવા શારદામંદિરમાં આવેલા સહકારી ભંડારમાંથી પ્રાપ્ત થશે.સંગીતની પુસ્તિકાઓ પણ ત્યાંથી પ્રાપ્ત થશે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir 1924@yahoo.com